**વડીલોને વંદન**

**અભિનંદન**



કાન્તાબેન બાબુભાઈ પટેલ (૧૯૩૮)ફોન:૨૩૨૨૭૧૫૪

## ઝોન-૧ સ્કવોડે બે વાહનચોરની ધરપકડ કરી

અમદાવાદ, તા. ૨૬

ડીસીપી ઝોન-૧ સ્કવોડ શહેરનાં એલિસબ્રીજ વિસ્તારમાંથી બાતમીના આધારે બે વાહનચોરોને ઝડપી પાડયા હતાં. પોલીસે આરોપીઓ પાસેથી ચોરેલું બાઈક પણ જપ્ત કર્યું છે. આરોપીઓ પાસેથી હજી વધુ વાહનચોરીનાં ભેદ ઉકેલાય તેવી શક્યતા જણાય છે જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે ઝોન-૧ સ્કવોડને ગઈકાલે બાતમી મળી હતી જેના આધારે સ્કવોડે વોચ ગોઠવીને મયુદિન મહંમદ ઈસ્માઈલ કુરેશી (રહે. શાહપુર) અને યાસિન મુસ્તફા મેમણ (રહે. ધોળકા)ને મંગળવારે બપોરે ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસે બાઈકના પુરાવા માંગતા તેઓ પાસેથી ન મળી આવતા તેમની પૂછપરછ કરતા તેમણે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બાઈક ચોરી હોવાનું કબૂલ્યું હતું. આરોપી મયુદીન અગાઉ વાહનચોરીના ગુનામાં પણ ઝડપાઈ ચૂકેલો છે. જેથી હજુ વધુ વાહન ચોરીના ભેદ ઉકેલાય તેવી પોલીસને આશંકા છે. પોલીસે આરોપીઓને એલિસબ્રીજ પોલીસને સોપી તપાસ હાથ ધરી છે.

# પાટનગર યોજના ભવનના જૂના ફર્નિચરની આખરે હરાજી થશે

### ફર્નિચરના નિકાલ પૂર્વેની પ્રક્રિયામાં પારદર્શકતા ન જળવાઈ હોવાનો ગણગણાટ

ગાંધીનગર, તા. ૨૬

પાટનગર યોજના ભવનની વિવિધ ડીવીઝનલ કચેરીઓને કોર્પોરેટ લૂક અપાયા બાદ બે વર્ષના અંતે જૂના ફર્નિચરનો હજુ યોગ્ય નિકાલ થયો નથી. પાટનગર યોજના કક્ષાએથી સર્વે રીપોર્ટ તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવાયો છે. જ્યારે હવે ફર્નિચરના નિકાલ માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. પરંતુ જૂના ફર્નિચરના મામલે પારદર્શકતા જળવાઈ ન હોવાનો ગણગણાટ પણ પ્રવર્ત્યો છે.

સરકારી કચેરીઓને કોર્પોરેટ લૂક આપવા તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, કલેક્ટર કચેરીના નવીનીકરણ બાદ જૂના સચિવાલયમાં નવનિર્મિત બે બ્લોકને પણ કોર્પોરેટ લૂક આપવામાં આવ્યો છે. જ્યારે પાટનગર યોજના ભવનના બિલ્ડીંગમાં સ્થિત વિવિધ ડીવીઝનની કચેરીઓને કોર્પોરેટ ટચ આપવા બે વર્ષ પૂર્વે મોડ્યુલર ફર્નિચરની આભા ઉભી કરવામાં આવી છે.

ભવનની કચેરીઓને નવો લૂક અપાયા બાદ લાંબા સમય સુધી જુનુ ફર્નિચર ભવનની લોબીમાં આડશ બનીને પડેલુ જોવા મળ્યું હતું. ત્યારબાદ આ ફર્નિચરનો ઢગ શહેરની ઈન્કવાયરી કચેરીઓમાં ખડકાયો હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે. બે વર્ષના લાંબા સમયગાળા બાદ આખરે જૂના ફર્નિચરનો નિકાલ કરવા તંત્ર કક્ષાએથી સર્વે રીપોર્ટ તૈયાર કરી દેવાયો છે. જ્યારે આગામી દિવસોમાં ફર્નિચરના નિકાલ માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. તેમ પણ સૂત્રો જણાવી રહ્યા છે. પરંતુ લાંબા સમયથી પડી રહેલા જૂના ફર્નિચરના નિકાલ પૂર્વેની પ્રક્રીયામાં પારદર્શકતા ન જળવાઈ હોવાનો ગણગણાટ પણ પ્રવર્ત્યો છે.



**મધ્યપ્રદેશના જૈન મહાતીર્થ મોહન ખેડાના મહાન સુપ્રસિદ્ધ જૈનાચાર્ય પ.પૂ. ઋષભચંદ્ર વિજયજી મ.સા. વિહાર કરતા આજે પાલનપુર (બનાસકાંઠા) આવી પહોંચ્યા હતા. શહેરના અગ્રણીઓ દ્વારા હાઈવે પર અગ્રણી ઉદ્યોગપતિ શ્રી કે. એન. શાહ, ડી.ડી.ઓ. મહેન્દ્રભાઈ પટેલ, પાલિકા પ્રમુખ હસમુખ પઢીયાર, એડવોકેટ ગીરીશ ત્રિવેદી, જગદીશ જોષી, જૈન સમાજના અગ્રણીઓ, પત્રકારો, જૈન - જૈનોતર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભવ્ય સ્વાગત કર્યું હતું. પૂ. મ.સા. આગળ વિહાર કરતા મગરવાડાથી વિરામ કરી આગળ પ્રશ્થાન કરશે.**

## જનસેવા કેન્દ્રના ચોકીદારની પ્રમાણિકતાને સલામ

ગાંધીનગર કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્રમાં ચોકીદાર તરીકે ફરજો બજાવતા શ્રી સુરેશ ચૌધરીએ આજે રૂ. ૨૫ હજારની મત્તાનો ચેક તેના મૂળ માલિકને શોધી પરત કરી પ્રમાણિકતાના અનોખા દર્શન કરાવ્યા છે.

શ્રી ચૌધરીને આ ચેક લખેલો મળ્યો હતો જે એક શ્રમજીવી મહિલાનો હતો. આ મહિલાએ પોતાનો ચેક પરત મળતાં હાંશકારો અનુભવ્યો હતો. આ ચેક તેમણે પોતાના ધંધા માટે લીધો હતો. અધિક નિવાસી કલેક્ટર ડૉ. મોડિયાને થતાં તેમણે તાત્કાલિક શ્રી ચૌધરીને બોલાવી પ્રશંસાપત્ર આપ્યું હતું. શ્રી ચૌધરીએ અગાઉ જનસેવા કેન્દ્રમાંથી રૂ. ૨૫ હજારની મત્તા ભરેલુ પાકીડ મળ્યુ હતુ તે પણ તેના મૂળ માલિકને પરત કરી પ્રમાણિકતાના દર્શન કરાવ્યા હતા.

# શહેરમાં વધુ એક વ્યાજખોરે લાચાર શિક્ષકનું અપહરણ કર્યું

### ગાડીમાં ઉપાડી જઈને મારી નાંખવાની ધમકી આપીને કોરા ચેક પર સહી કરાવી દીધી : રૂપિયા પરત કરવાની મુદત પુરી થઈ ગયાના દિવસથી પેનલ્ટી રૂપે રોજના ૧૦ હજાર ચઢાવવા લાગ્યો : પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં ખાનગી પેઢીઓ ચલાવતા અને વ્યાજ વટાવનો ધંધો કરતાં વ્યાજખોરોનો પ્રજા પર આતંક વધી રહ્યો છે. વધુ એક વ્યાજખોરે ટ્યુશન ક્લાસીસ ચલાવતા સે. ૧ના શિક્ષકનું અપહરણ કરી લેવાના નિકળતા રૂપિયા કઢાવવા જાનથી મારી નાંખવાની ધમકી આપીને કોરા ચેક ઉપર બળજબરીથી સહી કરાવી લીધી હોવાની પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. વ્યાજખોરે શિક્ષકને ગાડીમાં ઉપાડી જઈ બે કલાક સુધી ગાંધીનગરમાં ફેરવ્યો હતો અને રૂપિયા આપવાની મુદત પુરી થઈ જતાંના દિવસથી પેનલ્ટી પેટે દરરોજના રૂ. ૧૦ હજાર માંગતો હતો. સે. ૭ પોલીસે આ બનાવ અંગે શિક્ષકની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને સઘન તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧-સી પ્લોટ નં. ૨૬૩/૨માં રહેતા સુરેન્દ્રભાઈ નાથાલાલ ઉપાધ્યાય પોતાના ઘરે ટ્યુશન ક્લાસીસ ચલાવે છે. તેમને રૂપિયાની જરૂર હોવાથી એક મિત્રની મદદથી ખાનગી પેઢી ચલાવી વ્યાજ વટાવનો ધંધો કરતા યુવાન મહેન્દ્રસિંહ કે. વાઘેલાનો સંપર્ક કર્યો હતો અને રૂ. ૨ લાખ વ્યાજે લીધા હતા. ૧૦ ટકા વ્યાજ નક્કી કરવામાં આવ્યું હતું. શિક્ષક એસ.એન. ઉપાધ્યાયને રૂ. ૨ લાખ વ્યાજ સહિત પરત કરવાની આપવામાં આવેલી મુદત પુરી થઈ જવા છતાં કોઈ કારણોસર પરત ન ચુકવી શકતા વ્યાજખોર મહેન્દ્રસિંહે પેનલ્ટી માંગવાનું શરૂ કરી દીધુ હતુ. દરરોજના પેનલ્ટી સ્વરૂપે રૂ. ૧૦ હજાર માંગવામાં આવતા હતા. એક વાર તો શિક્ષકે ૧૦ હજાર આપ્યા... પછી આપી ન શકતા લાચાર શિક્ષકને વ્યાજખોરે ત્રાસ આપવાનું શરૂ કરી દીધુ અને અપહરણ કરી લઈ ગાડીમાં બે કલાક સુધી ગાંધીનગરમાં ફેરવ્યો હતો.

ગાડીમાં ગાળાગાળી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપવા ઉપરાંત કુટુંબ-પરિવારને પાયમાલ કરી નાંખવાની ધમકી આપીને શિક્ષક પાસેથી કોરા ચેકમાં સહી કરાવી લઈ મુક્ત કરી દીધો હતો. વ્યાજ અને પેનલ્ટી તથા મુદ્દલ ગણીને રૂ. ૨ લાખને બદલે રૂ. ૩.૫૦ લાખની માંગણી વ્યાજખોર કરી રહ્યો હતો. શિક્ષકની ફરીયાદને આધારે અપહરણકાર આરોપી વ્યાજખોર મહેન્દ્રસિંહ વાઘેલા વિરૂદ્ધ સે. ૭ પોલીસે ગુનો નોંધી સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદડે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# રાજ્યના દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં વરસાદ

### આણદના તારાપુરમાં દોઢ ઇંચથી વધુ વરસાદ : સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં વરસાદ : હજુ ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૬

એક સપ્તાહના વિરામ બાદ મેઘરાજાની સવારી ફરી રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં જોવા મળી છે. રાજ્યના દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં ૨૪ કલાકની અંદર ઉમરગામ તાલુકામાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો જ્યારે આણંદના તારાપુરમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રના ભાવનગરમાં ૩૬ મીમી વરસાદ વરસ્યો છે. છેલ્લા કેટલાય દિવસોના વિરામ બાદ દિવસ દરમ્યાન વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. શહેરના કેટલાક સ્થળો પર વરસાદ ન પડતા લોકોની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં સુરેન્દ્રનગર જીલ્લાના ધ્રાગંધ્રાના ૧૫મીમી, નર્મદા જિલ્લામાં ડેડિયાપાડામાં ૧૦ મીમી, સુરત જિલ્લાના ચોર્યાશીમાં ૧૪ મીમી, વલસાડ જિલ્લામાં ધરમપુરમાં ૧૨ મીમી અને પાલડીમાં ૧૪ મીમી વરસાદ નોંધાયો હતો. ચોમાસાનો સત્તાવાર પ્રારંભ થઈ ગયા બાદ છેલ્લા એક સપ્તાહથી શહેરમાં વરસાદ નોંધાયો નથી જેના પગલે ગરમીના પ્રમાણમાં સતત વધારો થતો રહે છે અને બફારો પણ વધતો રહે છે. જેના કારણે શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

દક્ષિણ ગુજરાતના સુરત સહિતના નજીકના ગામોમાં અમી છાંટા થયા હોવાનું હવામાન વિભાગ દ્વારા જાણવા મળે છે. જો આવનાર દિવસોમાં વરસાદ નહી પડે તો તાપમાન વધારો નોંધાશે. સાથે જ અબોલા પ્રાણીઓ પણ વરસાદની રાહ જોઈ રહ્યા છે. હવામાન ખાતાએ આગામી ૪૮ કલાક દરમિયાન ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ લો પ્રેશરની સ્થિતિ છત્તીસગઢ પર સર્જાયેલી છે. જો આ સ્થિતિમાં સુધાર થાય તો સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વરસાદ થઈ શકે છે. દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.મધ્યમ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. મોનસૂનની એન્ટ્રી થયા બાદથી સૌરાષ્ટ્રભરમાં સારો વરસાદ થઈ ચુક્યો છે. અલબત્ત છેલ્લા થોડાક દિવસમાં વરસાદમાં બ્રેક જોવા મળી છે. છુટા છવાયા વરસાદી ઝાપટા પડી રહ્યા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૩.૬ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૩૫.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ.

## પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાં યુવતીએ ઝેરી દવા ગટગટાવી

પાલનપુર, તા. ૨૬

પાલનપુર નારી વિકાસ કેન્દ્રમાં પાટણ જિલ્લાના સમી તાલુકાની યુવતીના લગ્ન બનાસકાંઠાના ભાભર ખાતે પરણાવેલ હતી. જ્યાં યુવતીએ ભાભર પોલીસમાં સાસરીયામાં ન રહેવા અરજી કરી હતી. જેના સંદર્ભે ભાભર પોલીસે યુવતીનો કબજો લઈને પાલનપુર નારી સરક્ષણ કેન્દ્ર ખાતે મોકલેલ હતી. જ્યાં તેણે ગતરોજ ઝેરી પ્રવાહી પી લેતા તેની હાલત ગંભીર થઈ ગઈ હતી. આથી તાત્કાલિક ૧૦૮માં પાલનપુર સિવિલમાં ખસેડાઈ હતી. જ્યાં હાલ સારવાર થઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નારી સરક્ષણ ખાતે રહેતી જશીબેન ભેમાભાઈ રબારીને ત્રણેક દિવસ પહેલા સુરેન્દ્રનગર જિલ્લાનો તેની પ્રેમી મળવા આવેલો ત્યારે જશીબેનના પિતા અને ભાઈએ તીક્ષ્ણ હથિયારથી તેના પર હુમલો કર્યો હતો. જેને સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયો હતો. જ્યારે પિતા પુત્ર બન્ને આરોપીઓ જેલના હવાલે કરાયા છે. ત્યારે ગતરોજ જશીબેને ઝેરી પ્રવાહી પી લેતા ચકચાર મચી જવા પામી હતી.

# હેલીકોપ્ટર ક્રેશ : જવાનોના પરિવારોને ૫ લાખ અપાશે

### ગુજરાત સરકારના મંત્રીઓ, ધારાસભ્યો સહિત કોર્પોરેટો એક મહિનાનું વેતન રાહત ફંડમાં આપશે : રાજ્યસરકાર

ગાંધીનગર, તા. ૨૬

ઉત્તરાખંડમાં અમે ૧૫ હજાર યાત્રિકોને સલામત રીતે બહાર કાઢ્યા તેવું ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નામે વહેતુ થયેલું નિવેદન પાયા વિહોણુ અને સત્યથી વેગળું હોવાનું જણાવી ગુજરાત સરકારના પ્રવક્તા મંત્રી નીતિન પટેલે આ પ્રકારની હરકત સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. પત્રકારો સમક્ષ આ નિવેદન અંગે નારાજગી વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે અમે ૧૫ હજાર લોકોને સલામત રીતે ખસેડ્યા છે તેવું મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ક્યાંય પણ કહ્યું નથી કે આ પ્રકારનું નિવેદન પણ કર્યું નથી. આ માત્ર કોઈએ ઉપજાવી કાઢેલી વાત છે અને તેને યોજનાપૂર્વક વહેતી કરવામાં આવી છે. દરમિયાન તેમણે ઉત્તરાખંડની કુદરતી આપદાને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારના મંત્રીઓ તથા ધારાસભ્યો તેમના એક મહિનાનો પગાર રાહતફંડમાં આપશે તેવી ભાજપ દ્વારા કરાયેલી જાહેરાતને મુખ્યમંત્રીના અધ્યક્ષ ખાતે મળેલી કેબીનેટની બેઠકમાં સંમતિ આપવામાં આવી હતી. આ ઉપરાંત પક્ષે લીધેલા નિર્ણય મુજબ જ્યાં અમારી સ્તતા છે તે તમામ મહાનગર પાલિકાઓના મેયર, ચેરમેન તથા કોર્પોરેટરો પણ તેમના એક મહિનાના પગાર ભથ્થા રાહત ફંડમાં આપસે તેમ પણ નીતિન પટેલે જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કુદરતી દુર્ઘટનામાં ક્ષતિગ્રસ્ત થયેલા કેદારનાથ મંદિર તથા તેના પરીસરના જીર્ણોધ્ધારમાં મદદ કરવાની ઓફર કરી છે. આ ઉપરાંત ઉત્તરાખંડ સદગતને પણ નાણાંકીય મદદથી માંડીને એક્ષ્પર્ટાઈમ વગેરે જે મદદ જોઈતી હશે તે મદદ કરવાની મુખ્યમંત્રીએ ઓફર કરી છે. કારણ કે અમને ગુજરાતના મહાવિનાશક ભૂકંપ બાદ સંપૂર્ણ રીતે તબાહ થયેલા કચ્છને બેઠુ કરવા તથા તેના પૂર્નનિર્માણનો અમને અનુભવ છે જેનો લાભ ઉત્તરાખંડને પણ આપવા ગુજરાત સરકાર તત્પર છે.

## શબ્દાવલી - ૫૧૦૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | |
| | ■ | ■ | ૧૦ | | ■ | ■ | ■ |
| ■ | ૧૧ | | | | | ૧૨ | ૧૩ |
| ૧૪ | | ■ | | ■ | ૧૫ | | |
| | ■ | ૧૬ | ■ | ૧૭ | | | ■ |
| ૧૮ | | | ૧૯ | ■ | | ■ | ૨૦ |
| | ■ | ૨૧ | | | | | |

**આડી ચાવી**

૧. ફુગ્ગાની જેમ ફેટ ફુલી જાય તેને ચ... ચડ્યો કહેવાય (૩)
૪. કંઈ પણ ખાધા વગર કરાતો ઉપવાસ (૪)
૮. કમાવુ (૩)
૯. આદેશ, હુકમ (૪)
૧૦. માણસ, પુરૂષ (૨)
૧૧. જાહોજલાલી (હિન્દીમાં) (૪)
૧૨. ... ખુબ સરસ (૨)
૧૪. ઝેર (૨)
૧૫. નકામુ, વગર કામની (૩)
૧૭. ઘડો, હાંડો (૩)
૧૮. કર (૪)
૨૧. પ્રવાહીના રૂપમાં સાબુ(૬)

**ઊભી ચાવી**

૧. અરીસો (૩)
૨. ફુટ, ... ફળાદી (૨)
૩. રડવું (૨)
૪. ધિક્કાર (૪)
૫. કિનાર, કાંગરી (૨)
૬. ઉમા, પાર્વતી (૨)
૭. એક હિન્દી ફિલ્મ, અંધારી આલમનો લીડર (૨)
૧૦. નર્ક, દોજખ (૩)
૧૧. પસંદ હોવું, .... હોવો(૨)
૧૨. પવન, વાયરો (૩)
૧૩. અધિકાર (૨)
૧૪. સારા સમાચાર, આપવા (૪)
૧૫. મજબૂત પક્કડ, ચુંગાલ (૪)
૧૬. વસૂલ કરવું, ... (૩)
૧૯. નશીબ, ભાગ્ય (૨)
૨૦. ... થવો, નાશ થવું (૨)

**શબ્દાવલી ૫૧૦૦ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ખાંખાખોળા (૩) આપત્તિ (૫) ભાંગરો (૬) હેવા (૮) ખાંડુ (૯) પથ (૧૧) બગબગુ (૧૩) નજીવું (૧૪) ડર (૧૭) છડેચોક (૨૦) કપટ (૨૨) દવલુ (૨૩) શોર (૨૪) પોકાર

**ઊભી ચાવી :-** (૧) ખાંસાહેબ (૨) ખોફ (૩) આગ (૪) પરોપજીવી (૫) ભાંડુ (૭) વાગડ (૮) ખાંગુ (૧૦) થવું (૧૨) બરછટ (૧૫) ખાંચને (૧૬) નકશો (૧૮) કદર (૧૯) વલુર (૨૧) પર

# મોદીએ ફેલાવેલા વિકાસના ભ્રમને કોંગ્રેસ ખુલ્લો પાડશે

### ગુજરાત કોંગી પ્રભારી ગુરૂદાસ કામતે પદાધિકારીઓની બેઠક યોજી પક્ષને વધુ મજબૂત બનાવવા માટે હાકલ કરી

અમદાવાદ, તા.૨૬

ગુજરાત કોંગ્રેસના પ્રભારી બન્યા બાદ આજે પ્રથમવાર પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયની મુલાકાતે આવી પહોંચેલા ગુરૂદાસ કામતે પ્રદેશ કોંગ્રેસના પદાધિકાકારીઓ સાથે સંગઠનના કામગીરીની ચર્ચા કરી હતી. કામતે પદાધિકારીઓને સંબોધતા જણાવ્યું હતું કે અમારી ભૂમિકા કોંગ્રેસના અદના કાર્યકરથી લઈ ઉચ્ચ નેતાઓ સુધી સહાયકની ભૂમિકા ભજવીશું તથા સમગ્રે દશને ભાજપ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીના વિકાસના પોકળ દાવાઓ તથા તેમને ફેલાવેલો ભ્રમને ખુલ્લો પાડીશું અને તેની શરૂઆત ગુજરાત રાજ્યથી કરીશું. જે વ્યક્તિની સ્વીકૃતિ પોતાના જ પક્ષના કાર્યકર્તાઓ અને નેતાઓમાં નથી. તેમને દેશની જનતા કેવી રીતે સ્વીકારશે ? જે લોકો ભૂતકાળની એનડીએ સરકાર સાથે હતા એ લોકો પણ આજે એનડીએ છોડીને ભાગી રહ્યા છે.

ગુરૂદાસ કામતે વધુમાં જણાવ્યું હતું કે આ દેશ સર્વધર્મ વિચારધારાને વરેલો છે. જ્યાં કોઈ પણ પ્રકારના ઉંચ-નીચના ભેદભાવ ચાલતા નથી એવા દેશમાં કટ્ટરવાદી વિચારધારા ધરાવનારને ક્યાંય સ્થાન નથી. જે વ્યક્તિ ૪૨૦૦૦ કરોડના દેવાથી દોઢ લાખ કરોડના દેવા સાથે પોતાના વિકાસના દાવો કેવી રીતે કરી શકે તેવું આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ઉત્તરાખંડમાં કુદરતી હોનારતનો ભોગ બનેલ લોકો માટે જે વ્યક્તિ એક દિવસમાં ૧૫૦૦૦ લોકોને બચાવવાની વાહિયાત વાત કરી રાજકારણ કરવાવાળા લોકોની પોલ ખોલવાની જવાબદારી ગુજરાતના કાર્યકર્તાઓની છે. કેન્દ્ર સરકારની અસંખ્ય યોજનાઓ ગામડાના લોકો સુધી પહોંચે તે અંગે લોક જાગૃતિ કેળવવાની જવાબદારી પક્ષના કાર્યકર્તાઓના શીરે થાય છે. આ એજ લોકો છે જેમને રાઈટ ટુ એજ્યુકેશન તથા ફુડ સીક્યોરીટી બીલ કે જેના કારણે દેશમાં કોઈ પણ વ્યક્તિએ ભુખ્યા સુવુ ન પડે તેની ચિંતા કોંગ્રેસની યુપીએ સરકારે કરી છે. જેનો વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહીલે જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષના કાર્યકરોએ નેતાઓએ પક્ષ માટે શું કર્યું તેવું અવલોકન કરવાને બદલે પોતે પક્ષ માટે કેટલો ભોગ આપ્યો તે અંગે આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

# બીજા તબક્કામાં ૨૦થી ૨૨ જૂન દરમિયાન રાજ્યભરના શહેરી વિસ્તારોમાં ૯૦,૩૮૦ બાળકોનું ધોરણ-૧માં નામાંકન

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કન્યા કેળવણી અને શાળા -વેશોત્સવના જનઅભિયાને બીજા તબક્કામાં રાજ્યભરના શહેરી વિસ્તારોમાં શિક્ષણ અને સમાજના આ સામાજિક યજ્ઞની સફળતા માટે ભારે પરિશ્રમ કર્યો છે.

ધોમધખતા ભરઉનાળે ગુજરાતની આખી સરકાર તા. ૧૩ થી ૧૫ જૂનના -થમ તબક્કામાં ૧૮,૦૦૦ ગામડાં ઘૂમી વળી તા. ૨૦ થી ૨૨મી જૂનના બીજા તબક્કામાં રાજ્યભરના શહેરી વિસ્તારોમાં એકપણ દીકરો કે દીકરી નિરક્ષર ન રહે એ માટેની સામાજિક જવાબદારી ઉઠાવી જનસહયોગથી સમગ્ર અભિયાન સફળ બનાવ્યું છે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું છે કે, આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં શહેરી વિસ્તારોમાં કન્યા કેળવણી રથયાત્રાને ભવ્ય આવકાર મળ્યો. રાજ્યભરના શહેરી વિસ્તારોમાં તા. ૨૦ થી ૨૨ જૂન દરમિયાન યોજાયેલા આ જનઅભિયાનના અંતે ૪૬,૧૪૮ કન્યાઓ અને ૪૪,૨૩૨ કુમારો સહિત કુલ ૫+ વયજૂથના કુલ ૯૦,૩૮૦ બાળકોએ ધોરણ-૧માં -વેશ લીધો છે.

રાજ્યના મંત્રીમંડળના સભ્યો, પદાધિકારીઓ અને અધિકારીઓએ સમાજની શક્તિ અને સંવેદનાને ઢંઢોળીને નિરક્ષરતાનું કલંક ભૂંસી નાંખવા માટેનો સફળ પરિશ્રમ કર્યો છે. શાળા -વેશોત્સવમાં પોતાના બાળકોને ભણાવવા માટે અભૂતપૂર્વ ઉત્સાહથી શહેરીજનો ખાસ કરીને માતૃશકિત-મહિલાઓની ભાગીદારી જણાતી હતી. આંગણવાડીના ભૂલકાંઓને જનસહયોગથી મળેલા રમકડાં અને શાળા માટેના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ત્રણ દિવસના મહોત્સવમાં લોકસહકારની ઉત્સાહભરી સામેલગીરીના પરિણામે ૩,૫૫,૦૧,૫૩૬ના મૂલ્યનો લોકફાળો શાળાઓને -ાપ્ત થયો. રાજ્ય સરકારે અપનાવેલા વ્યૂહ અનુસાર મહાનુભાવોએ દરરોજ પાંચ શાળાઓની મુલાકાત લીધી. માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક -ગતિ જેવી બાબતોની ખાસ ચકાસણી કરાઈ તથા સૂચનો અનુસાર શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ તમામ બાળકોને -ાપ્ત થાય તે માટે આવશ્યક પગલાં લેવામાં આવી રહ્યા છે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ વધુમાં જણાવ્યું હતું કે, તા. ૨૦ થી ૨૨ જૂન, ૨૦૧૩ દરમિયાન કન્યા કેળવણી રથયાત્રા અને શાળા -વેશોત્સવના કાર્યક્રમો દરમિયાન ૩૦૬૦ જેટલી શહેરી વિસ્તારની શાળાઓની મુલાકાત લેવામાં આવી. ૬૭,૦૨૮ જેટલા વિદ્યાર્થીઓને ધોરણ-૮માં -વેશ અપાયો છે. ૬,૦૨૩ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા જયારે ૬૪,૩૪૬ બાળકોનું આંગણવાડી/બાલમંદિરમાં નામાંકન થયું છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતની આવતીકાલની ચિંતા કરીને શિક્ષણ -ત્યેની સમાજની ઉદાસીનતા દૂર કરવા રાજ્ય સરકારે પૂરી તાકાત કામે લગાડી છે વિશાળ જનસમુદાય પણ આ ભગીરથ અભિયાનમાં આનંદ અને ઉલ્લાસ સાથે સામેલ થયેલ છે.

## ડાકોર બ્રાન્ચ મિશ્ર શાળા નં. ૨ ના નવા રૂમનું ઉદ્ઘાટન કરાયું

ઉમરેઠ, તા. ૨૬

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં નાની ભાગોળ વિસ્તારમાં આવેલ બ્રાન્ચ મિશ્ર શાળાનું (ગૌશાળા)નું ઉદ્ઘાટન નગરપાલિકાના યુવાન નગરસેવક અને પત્રકાર પપ્પુભાઈ ઉપાધ્યાયના વરદ હસ્તે યોજવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટન સમારંભના પ્રમુખ સ્થાને અશોક તલાટી, મુખ્ય મહેમાન તરીકે હર્ષવદન તલાટી જ્યારે અતિથિ વિશેષ પદે અરવિંદકુમાર શાહ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના અધ્યક્ષ અશોકભાઈ તલાટીએ દિપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો અને ૨૩ જેટલા પ્રવેશ પાત્ર બાળકોને કુમકુમ તિલક કરી શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે કોકીલાબેન, નીતાબેન તુરી વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતે આચાર્ય નિનાબેન ભટ્ટે સંચાલન અને આભારવિધિ કરી હતી.

## સી.સી. ટી.વી. કેમેરો... ● છેલ્લા પાનાનું ચાલુ

જલારામ પાન સેન્ટરના નામે પાન-બીડીનો ગલ્લો ચલાવતા અરવિંદભાઈ જયસ્વાલે પોતાના ગલ્લામાં સીસીટીવી કેમેરો લગાડી મોટા વેપારીઓ માટે એક પ્રેરણાસ્ત્રોત બન્યા છે. પોતાના શહેરની સુરક્ષા અને સલામતીના હિતમાં પોતાની આર્થિક ક્ષમતા મુજબ ૧૦ કલાક સુધીનું ઓડીયો-વિડીયો રેકોર્ડીંગ થાય તેવો સીસીટીવી કેમેરો લગાડી દીધો છે. ખરેખર આ નાના વેપારી પાસેથી મોટા મોટા શૉ રૂમ અને જ્વેલર્સ શોપ તથા શોપીંગ કોમ્પલેક્ષના માલીકોએ પ્રેરણા લેવી જોઈએ અને શહેરની સલામતી ઉપરાંત પોતાના શૉરૂમની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા લગાડવા જોઈએ..!

**ટચૂકડી જાહેર ખબર**

**શિક્ષક જોઇએ છે**

મહર્ષિ ગુરુકુલ, અક્ષરધામ સામે, જૈનદેરાસર પાછળ, બોરીજ, ગાંધીનગર
B.Sc./M.Sc., B.Ed.,
ગણિત, વિજ્ઞાન
સમય : ૧૨ થી ૩
**મો. ૯૯૯૮૮૯૫૭૪૪**